**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૨ ડીગ્રી
લઘુતમ : ૨૧.૪ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૬૭ ટકા

# સુહાગણો દ્વારા કરવાચોથની ભવ્ય ઉજવણી





ગાંધીનગર, તા.૧૭

જાણે ભાદરવી ચોથના દિવસે ચાંદો જ સુહાગણને અન્ન અને પાણી લેવાની મંજુરી આપતો હોય તે વ્રત 'કરવાચોથ' જે સુહાગણ પોતાના પતિના દિર્ઘાયુષ્ય અને સારા સ્વાસ્થ્ય માટે કરે છે. શહેરના સે-૨-એ અને કુડાસણ સ્થિત ઉગતી હાઈટસ સોસાયટી ખાતે સુહાગણો દ્વારા સોળે શણગાર સજી ભવ્ય રીતે ઉજવણી અને પૂજા અર્ચના કરવામાં આવી હતી.

કરવાચોથનું વ્રત ઉત્તર ભારતની સાથે ગુજરાત સહિત દેશના અન્ય ભાગોમાં પણ હવે ચર્ચિત છે. લગભગ પાછલા ૧૪ વર્ષથી શહેર સ્થિત ભૂમિબેન ભોજાણી દ્વારા કરવાચોથની પૂજા કરાવવામાં આવે છે. આ વર્ષે પણ તેમના નિવાસસ્થાને કરવાચોથની પૂજાનું આયોજન કરાયું હતું. જેમાં ગુજરાતી, પંજાબી, મારવાડી, રાજસ્થાની એમ કુલ ૧૦૦થી વધુ બહેનોએ ભાગ લીધો હતો. પૂજા બાદ લકી ડ્રો રાખવામાં આવ્યો હતો. જેમાં ઉપસ્થિત દરેકમાંથી લકી ડ્રો વિજેતાને ઈનામ આપવામાં આવ્યું હતું તથા પૂજા સ્થળે પ્રથમ પહોંચનાર સાથે ૨૦ થી ૪૦ અને ૪૦થી વધુ વયની કેટેગરીમાં શ્રેષ્ઠ તૈયાર થઈને આવેલ બહેનને આયોજક ભૂમિબેન દ્વારા ઈનામ આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલ, નીતાબેન મનસુખ માંડવીયા, શર્મિષ્ઠાબેન દવે સાથે શહેરના અગ્રણીઓ તથા શહેરીજનોએ ઉપસ્થિત રહી પૂજાને માણી હતી અંતે દરેકને ફેનીયાનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

કુડાસણ સ્થિત ઉગતી હાઈટસ સોસાયટીની બહેનો રેનુ ઢીંગરા અને રીના મનોતરા દ્વારા કરવાચોથની પુજાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સોસાયટીની પચ્ચીસથી વધુ સુહાગણોએ ભાગ લીધો હતો.



ચ-૨ સર્કલ પાસે પોસ્ટની પેટીને કલર કરી નવી નક્કોર બનાવી દેવાઈ છે. અહીં પણ દિવાળીની અસર જોવા મળી રહી હોય તેવું લાગી રહ્યું છે.

## આપણા પ્રાચીન વારસાની વૈજ્ઞાનિકતાને સમજીશું તો ભાવિ ભણી મકકમતાથી આગળ વધીશું

### ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ડો. વિક્રમ સારાભાઈની જન્મજયંતિએ વ્યાખ્યાન માળા યોજાઈ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના સેકટર-૨૦ ખાતેની ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં તા. ૧૬મી ઓકટોબરે દેશના વિજ્ઞાની ડૉ. વિક્રમ સારાભાઈની જન્મ શતાબ્દી નિમિત્તે વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગુજકોસ્ટના સલાહકાર ડૉ. નરોત્તમ સાહુએ વિદ્યાર્થીઓને ડૉ. વિક્રમ સારાભાઈના જીવન અંગે મહત્વની માહિતી પુરી પાડી હતી. આ પ્રસંગે ડૉ. સારાભાઈના જીવન પર બનાવાયેલી એક મહત્વની દસ્તાવેજી ફિલ્મનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.



કાર્યક્રમના પ્રારંભે કાર્યક્રમના સંયોજક શિક્ષણ વિભાગના નિયામક ડૉ. મીનળબા જાડેજાએ ડૉ.સાહુનો પરિચય આપ્યો હતો. આ પ્રસંગે યુનવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહે વિજ્ઞાનને મહત્વનો વિષય ગણાવતા ભારતનું અવકાશી યુગમાં યશસ્વી યોગદાન હોવાનું અને તેના પ્રણેતા ડૉ. સારાભાઈ હોવાનું જણાવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને આપણા પ્રાચીન વારસા તથા તેમાં રહેલી વૈજ્ઞાનિકતાને સમજીશું તો ભાવિ ભણી વધુ મકકમતા સાથે ડગ માંડી શકીશું તેવું જણાવ્યું હતું. કાર્યક્રમના સમાપને પ્રશ્નોત્તરી સત્ર દરમિયાન ડૉ. સાહુએ વિદ્યાર્થીઓના કુતૂહલને પ્રોત્સાહન આપતા પ્રશ્નોના જવાબો આપ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે કુલસચિવ ડૉ. અશોકભાઈ પ્રજાપતિએ શાબ્દિક સ્વાગત વિધિ કરી હતી.




સેકટરોના નકશા બતાવતા બોર્ડની હાલત ખરાબ છે. રેગ્યુલર તેનું મેન્ટેનન્સ થતું ન હોવાથી ઘણા સેકટરોમાં આ બોર્ડ પડી ગયા છે અથવા ગાયબ થઈ ગયા છે. સેકટર-૮નું બોર્ડ પડી જતા મુલાકાતીઓ મુશ્કેલી અનુભવી રહ્યા છે.

## ડાંગ જિલ્લાના દગડીઆંબા પ્રાથમિક શાળાના 'ગટર કલીનર'ની રાષ્ટ્રીય કક્ષાએ પ્રસંશા





ગાંધીનગર જિલ્લાના ગ્રામભારતી ખાતે રાષ્ટ્રપતિની ઉપસ્થિતિમાં રજુ કરાયેલી દેશભરમાંથી પસંદ કરાયેલી ૬૦ કૃતિઓ પૈકી ગુજરાતની માત્ર બે કૃતિઓ હતી જેમાં ડાંગ જિલ્લાની દગડીઆંબા પ્રાથમિક શાળાની કૃતિ 'ગટર કલીનર' પ્રસંશાને પામી હતી.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ વર્ષને દેશભરમાં સ્વચ્છતા અભિયાન સાથે ઉજવવામાં આવી રહ્યું છે ત્યારે દગડીઆંબા પ્રાથમિક શાળાની 'ગટર કલીનર' કૃતિ રાષ્ટ્રીય કક્ષાએ ઝળકી છે. 'ઈન્સ્પાયર એવોર્ડ માનાક' અંતર્ગત જિલ્લા કક્ષાએ યોજાયેલા 'ધરમપુર સાયન્સ સેન્ટર' ખાતે પસંદગી પામેલ આ કૃતિ કચ્છ ખાતે યોજાયેલા રાજયકક્ષાના વિજ્ઞાન પ્રદર્શનમાં ૧૧૦ કૃતિઓમાંથી પસંદગી પામી રાષ્ટ્રીય કક્ષાએ રજુ કરાઈ હતી. દિલ્હીમાં આઈઆઈટી કેમ્પસ ખાતે દેશભરની ૮૫૦ કૃતિઓમાં 'ટોપ-૬૦' કૃતિઓની પસંદગી કરવામાં આવી હતી. જેમાં ગુજરાતની બે પૈકી એક દગડીઆંબાની 'ગટર કલીનર' કૃતિ હતી. આ તમામ કૃતિઓ રાષ્ટ્રપતિ સમક્ષ ગ્રામભારતી ખાતે પણ પ્રદર્શિત કરાઈ હતી. જેમાંથી પસંદગીની કૃતિઓને જાપાન ખાતે યોજાનાર પ્રદર્શનમાં સ્થાન મળશે.

### ગાંધીનગર ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશનની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧૭

ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગરની કારોબારી સમિતિની માસિક બેઠક સંસ્થાના પ્રવકતા મગનભાઈ એમ. પરમારના સેકટર-૩-એ પ્લોટનં. ૮૩/૨ના નિવાસસ્થાને તા. ૨૧ ઓકટોબરના રોજ સાંજે ૪.૩૦ કલાકે યોજાશે તો સર્વે કારોબારી સભ્યોએ હાજર રહેવા સંસ્થાના મહામંત્રી દ્વારા જણાવાયું છે.

### રવિવારે કેન્સર જાગૃતિ અને સેલ્ફ ચેકઅપ અંગે વાર્તાલાપ યોજાશે

સંજીવની લાઈફ બિયોન્ડ કેન્સર અમદાવાદ દ્વારા તા. ૨૦ ઓકટોબરના રોજ સાંજે ૩ થી ૫ દરમિયાન કેન્સર જાગૃતિ નિદાન તેમજ સેલ્ફ ચેક અપ અંગે વાર્તાલાપ યોજાશે. સે-૨૩ સ્થિત અરવિંદ કેન્દ્ર ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં સંસ્થાની ટીમના ઈલાબેન વોરા તથા અન્ય દ્વારા આ બાબતે માર્ગદર્શન અપાશે. સંસ્થા દ્વારા શહેરીજનોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## મોબાઈલનો હપ્તો ઘરે કેમ લેવા આવ્યા..કહીને યુવક પર હુમલો

ગાંધીનગર, તા.૧૭

હવે મોબાઈલ લોન પર સરળતાથી મળી રહે છે, ત્યારે વિવિધ કંપનીના મોંઘાદાટ મોબાઈલ સરળ હપ્તે મોબાઈલ રસિયાઓ ખરીદે છે. ત્યારે લોન પર લીધેલા મોબાઈલનો હપ્તો ન ભરાતા ઘરે હપ્તો લેવા આવેલા યુવકને રોષે ભરાયેલા પિતા-પુત્રએ યુવાનનો ઢોર માર માર્યો હતો. બનાવ અંગે યુવકે મારામારી અને ધમકી અંગે ફરીયાદ સેકટર-૭ પોલીસ મથકે નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨ સી ખાતે રહેતા ઉમંગભાઈ જીતેન્દ્રકુમાર કથ્રેચા (ઉ.વ.૨૪) ખાનગી ફાઈનાન્સ કંપનીમાં નોકરી કરે છે. જે કંપનીમાંથી સેકટર-૬ બી ખાતે રહેતા વિજયસિંહ ચાવડાએ (પ્લોટ નં.૫૮૪-૧)સેમસંગના મોબાઈલની ખરીદી કરી હતી. જેનો હપ્તો બાકી હોવાથી ઉમંગ, તેનો ભાઈ, કંપનીના મેનેજર તેમજ એજન્સીના માલિક મળી ચાર વ્યકતિઓ વિજયસિંહના ઘરે ગયા હતા. ત્યારે ઘરે હાજર વિજયસિંહે "સેકટર-૬ અપના બજારમાં આવો હુ હપ્તાના પૈસા લઈને આવું છુ" કહ્યું હતું. જેને પગલે ચારેય વ્યકિતઓ અપના બજાર પહોંચ્યા હતા. બપોરે બે વાગ્યાના સુમારે વિજયસિંહ ચાવડા તેમજ તેમનો દિકરો બંને આવ્યા હતા અને "અમારા ઘરે હપ્તો લેવા કેમ આવ્યા હતા" કહી ઝઘડો કર્યો હતો. વિજયસિંહે પોતાના હાથમાં રહેલો લોખંડનો સળીયો ઉમંગને માથામાં મારી દીધો હતો. જયારે તેના દિકરાએ તેને ગડદાપાટુનો માર માર્યો હતો. યુવકને ઢોરમાર માર્યા બાદ પિતા-પુત્રએ ફરી ઘરે પૈસા લેવા આવ્યો તો જાનથી મારી નાંખવાની ધમકી આપી ભાગી ગયા હતા. યુવકને ઈજા થતા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયો હતો. યુવકે સારવાર બાદ વિજયસિંહ ચાવડા અને તેના પુત્ર સામે સે-૭ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### સે-૮ કોલેજ પાસેથી વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર શહેરની સેકટર-૮ કોલેજ સામે માર્ગ પર વરલી મટકાનો જુગાર રમાડી રહેલા અમદાવાદના શખ્સને પોલીસે પકડી પાડ્યો છે. સેકટર-૭ પીઆઈ તરલ ભટ્ટના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ એ.જે. શાહ પેટ્રોલીંગમાં હતા. ત્યારે કોન્સ્ટેબલ મહાવીરસિંહને ખાગની રાહે બાતમી મળી હતી કે સે-૮ ખાતે બંધ પડેલી કોલેજ સામે વરલી મટકાનો જુગાર રમાય છે. જેને પગલે પોલીસે રેઈડ કરતા એક શખ્સને દબોચી લીધો હતો. પોલીસે તેનું નામ પુછતા રાજુભાઈ ભીખાભાઈ પરમાર ( રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ ૨૨-૫૧૦ મેઘાણીનગર અમદાવાદ) હોવાનું સામે આવ્યું હતું. જેની પાસેથી વરલી મટકાના આંક લખેલી ચીઠ્ઠી અને ખિસ્સામાંથી ૩૮ હજાર રૂપીયા રોકડા મળી આવ્યા હતા. જેને પગલે પોલીસે રોકડ રૂપીયા જી.જે.૦૧.પી.વી.૫૮૯૪ બાઈક અને રૂ.૨ હજારની કિંમતનો મોબાઈલ અને જુગારનું સાહિત્ય મળી કુલ રૂ. ૬૬ હજારનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

● વોર
૯.૦૦, ૧૨.૨૦, ૧.૨૫, ૩.૪૦, ૬.૦૦, ૭.૦૦, ૧૦.૨૦

● છીછોરે
૭.૪૦

● ડ્રીમગર્લ
૨.૧૦

● ધ સ્કાય ઈઝ પિન્ક
૧૦.૦૦, ૧.૦૫, ૪.૧૦, ૭.૧૫, ૧૦.૩૦

● જોકર (અંગ્રેજી)
૧૦.૪૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

● જીમીની મેન
૧૧.૩૦, ૫.૦૦, ૧૦.૪૫

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**

● વોર
૯.૧૦, ૧૧.૦૫, ૧૨.૧૫, ૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૯.૦૦, ૧૦.૦૦

● ધ સ્કાય ઈઝ પિન્ક
૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦

● જીમીની મેન
૯.૨૦, ૧૧.૫૫, ૨.૩૦, ૮.૧૦, ૧૦.૪૫

● જોકર (અંગ્રેજી)
૧૨.૧૦, ૫.૨૦

● જોકર (અંગ્રેજી) (હિન્દી સબટાઈટલ સાથે)
૯.૩૫, ૨.૪૫, ૬.૨૦, ૭.૫૫, ૧૦.૩૦

● બીજો દિવસ
૫.૦૫

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**

● વોર
૯.૨૫, ૧૧.૩૦, ૧૨.૩૦, ૩.૪૦, ૫.૦૫, ૬.૫૦, ૯.૦૦, ૧૦.૦૦

● ધ સ્કાય ઈઝ પિન્ક
૯.૦૫, ૧૦.૦૦, ૧૧.૩૦, ૧૨.૩૦, ૨.૪૦, ૩.૪૦, ૫.૫૦, ૬.૫૦, ૯.૦૦, ૧૦.૦૦

● જીમીની મેન
૯.૦૦, ૨.૩૫, ૬.૨૦, ૧૦.૪૫

● જોકર (અંગ્રેજી) (હિન્દી સબટાઈટલ સાથે)
૮.૫૫, ૧.૦૦, ૩.૪૦, ૮.૧૦

## ચિરવિદાય

● સ્વ. ડાભી ફુલાજી વરવાજી, ઉ.વ. ૬૫

### રવિવારે પાર્શ્વગાયક કુમાર સાનુના ગીતોનો કરાઓકે ટ્રેક શૉનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૭

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તાર સ્થિત શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયોની 'મેરી આવાઝ સુનો કરાઓ કે કલબ' દ્વારા હિન્દી ફિલ્મ જગતના જાણીતા પાર્શ્વગાયક કુમાર સાનુના સદાબહાર ગીતોના કરાઓ કે ટ્રેક શૉ કાર્યક્રમનું તા. ૨૦મી ઓકટોબર રવિવારે બપોરે ૧૨.૩૯ કલાકે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગાંધીનગર-અમદાવાદના ઉગતા કલાકારોને સ્ટેજ પુરું પાડવાનો હેતુ છે.

આ કાર્યક્રમ કુડાસણમાં મારૂતિ નેક્ષા શૉ રૂમની બાજુમાં સનરાઈઝ આર્કેડ ખાતે, પહેલે માળે શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો ખાતે યોજાશે. જેમાં શહેરના સંગીત રસિકોને નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે. કાર્યક્રમ અંગે વધુ માહિતી માટે મો.નં. ૯૪૨૭૩ ૧૮૦૭૩ અથવા મો.નં. ૮૮૪૯૪ ૫૪૪૦૫ પર સંપર્ક સાધવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# વિનસ ઈન્સ્ટિટયુટ ખાતે વિશ્વ સંધિવા દિવસ અને વિશ્વ સ્થૂળતા દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૭

વિનસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપી દ્વારા વિદ્યાર્થીઓ માટે બદલાતી જીવનશૈલીના લીધે થતા રોગો અંગે જાગૃતિના ભાગ રૂપે, તાજેતરમાં, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ખાતે, 'વર્લ્ડ આર્થરાઈટિસ ડે' (વિશ્વ સંધિવા દિવસ) અને 'વર્લ્ડ ઓબેસિટી ડે' (વિશ્વ સ્થૂળતા દિવસ) નિમિતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રોગ્રામ યોજવાનો મુખ્ય હેતુ, વિદ્યાર્થીઓમાં ઓબેસિટીને લગતા રોગો અને આર્થરાઈટિસને લીધે લોકોની જીવનશૈલીમાં પડતી મુશ્કેલીઓને કઈ રીતે સાયન્ટીફિકલી રીતે નિવારવું તે અંગે યોગ્ય માહિતી અને જાગૃતિ આપવાનો હતો. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે પ્રોવોસ્ટ ડો.બાલા ભાસ્કરન અને ઈન્સ્ટિટ્યૂટના પ્રિન્સિપાલ ડો. અરવિંદ કુમાર ચૌહાણ તથા અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા.

ડો. અરવિંદ કુમાર ચૌહાણ એ પોતાના મંતવ્યમાં જણાવ્યું હતું કે, 'આજના યુવાનો પણ ઓબેસિટી અને આર્થરાઈટિસ ની બીમારી મોટા ભાગે જોવા મળે છે અને તેના પાછળ ની મુખ્ય કારણ, ફિઝિકલ એકટીવીટી નો અભાવ, વ્યક્તિગત કુટેવો જેમ કે તમ્બાકુ ની સેવન વિગેરે, કોમ્પ્યુટર પર આધારિત રહેતું કામ, બેઠાડુ જીવન અને સોશિયલ મીડિયા પર વધતો ક્રેઝ તથા બિનઆરોયગપ્રદ ખોરાક એ જવાબદાર છે. તેનાથી આપણે વહેલી ઉંમરે ક્રોનિક રોગો ને આમંત્રણ આપીએ છીએ.'

આ રોગો ને નિવારવા માટે બેલેન્સ લાઈફસ્ટાઈલ, સમયસર અને આરોગ્યપ્રદ આહાર અને પૂરતી ઊંઘ એ ખુબ જ જરૂરી છે. પ્રિન્સિપાલના મંતવ્ય પછી, વિદ્યાર્થીઓ વચ્ચે ડિબેટ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં મુખ્ય મુદ્દો 'સોશિયલ મીડિયા ના ફાયદા અને ગેરફાયદા' હતો. આ મુદ્દે વિદ્યાર્થીઓમાં ખુબ જ રસપ્રદ ચર્ચા થઈ હતી.

આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. હિના શેખે આર્થરિટિસથી તથા રોગો અને તેમાં ડાએટનું મહત્વ સમજાવ્યું હતું. ત્રીજા અને ચોથા વર્ષના વિદ્યાર્થીઓએ ઓબેસિટી પર પ્રેઝન્ટેશન આપ્યું હતું. કાર્યક્રમના સમાપને વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા.

